| કુલ ગુણ | 100 |
|---|---|

# P-2

પરીક્ષાર્થીનો:
બેઠક ક્રમાંક

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | | |

પરીક્ષાનો બ્લૉક નંબર :

પરીક્ષાર્થીની સહી.........

બ્લૉક સુપરવાઇઝરની સહી : ................

**તમને કહેવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્નપુસ્તિકા ખોલવી નહી**

પરીક્ષાર્થીને સૂચના :

(1) આ કસોટીપત્રમાં કુલ 100 પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A, B, C અને D પૈકી કોઇ એક છે દરેક પ્રશ્ન માટે ચાર વિકલ્પો આપવામાં આવેલ છે તમારે બધા જ પ્રશ્નોના ઉત્તર આપવાના છે.
ઉદાહરણ તરીકે :
ગુજરાતનું પાટનગર કયું છે ?
(A) અમદાવાદ (B) ગાંધીનગર (C) બડનગર (D) પાટણ
જવાબવહી (Answer Sheet) માં
(A) (B) (C) (D)
ઉપર્યુક્ત ઉદાહરણમાં જવાબ “B” છે આથી “B નું વર્તુળ કાળું” (encode) કરેલ છે. ઉમેદવારોએ જવાબમાં ‘‘ગાંધીનગર’’ લખવું નહીં.

(2) પરીક્ષા શરૂ થયેથી પૂરી થાય તે દરમ્યાન પરીક્ષાર્થીએ પરીક્ષાખંડ છોડવાની મનાઇ છે.

(3) પ્રશ્નપત્ર પરીક્ષાર્થીને મળે તરત જ ઉત્તરપત્ર (Answer Sheet) માં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર સ્વચ્છ અક્ષરે લખવાને રહેશે.

(4) પ્રત્યેક સાચા જવાબદીઠ (1) એક ગુણ મળવાપાત્ર થશે છેકછાકવાળા જવાબ તથા એકથી વધારે વિકલ્પમાં આપેલ જવાબના ગુણ મળવાપાત્ર નથી માઇનસ માર્કીંગ સિસ્ટમ નથી. (No negative marking system)

(5) ઉત્તરપત્ર (OMR Sheet) માં બ્લોક સુપરવાઇજરની સહી લેવી આવશ્યક છે બ્લોક સુપરવાઇજરની સહી વગરનું ઉત્તરપત્ર (OMR Sheet) તપાસવામાં આવશે નહી.

(6) ઉત્તરપત્ર (OMR Sheet) માં નિશ્ચિત જગ્યા સિવાય પરીક્ષાર્થીએ પોતાનો બેઠક ક્રમાંક લખવો તથા પોતાની આગવી ઓળખ છતી થાય તેવી નામ સહિતની અન્ય કોઇ પણ પ્રકારની નિશાની કરવાનો સખ્ત મનાઇ છે તેમ છતા પણ કોઇ પણ નિશાની કે ઓળખ માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.

(7) ઉત્તરપત્ર (OMR Sheet) ના પ્રમાણપત્રમાં પરીક્ષાર્થી તથા સુપરવાઇજર બનેની સહી ફરજીયાત છે અને સહી વિનાના ઉત્તરપત્ર (OMR Sheet) વાળા પરીક્ષાર્થી ગેરલાયક ઠરશે.

(8) પરીક્ષા દરમ્યાન પરીક્ષાર્થી પાસેથી કોઇ પણ સાહિત્ય ગાઇડ, અન્ય સ્લીપો, કાપલી, માર્ગદર્શિકા, હસ્તલિખિત કે પ્રિન્ટેડ સાહિત્ય, કેલક્યુલેટર કે અન્ય વીજાણુ ઉપકરણો, પેજર, મોબાઇલ ફોન હોવાનુ જણાશે તો પરીક્ષાર્થીને ગેરલાયક ગણવામાં આવશે.

(9) પ્રશ્નપત્રમાં આપેલ વિકલ્પોમાં કોઇપણ પ્રકારની નિશાની કરવી નહી.

(10) ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર વાતચીત કરવી, અવાજ કરવો કે સુપરવાઇઝરની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે.

(11) ઉમેદવારે વાદળી/કાળી બોલપાઇન્ટ પેનથી ઉત્તરો લખવાના છે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકશે નહી બ્લેક કે રબ્બરથી કે અન્ય કોઇ પણ રીતે કરેલા સુધારા માન્ય ગણાશે નહી.

પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર (OMR Sheet) બ્લોક સુપરવાઇજરને પરત કર્યા બાદ જ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગનાં પગલાં ગણી પરીક્ષાા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.

## SPACE FOR ROUGH WORK

(1) નવા મકાનના બાંધકામ માટે પેશગી કેટલા હપ્તામાં ચૂકવવામાં આવે ?

(A) 2 (B) 3

(C) 4 (D) 5

(2) મકાનની અંદર સુધારા વધારાના હેતુ માટે કેટલા રૂપિયા પેશગી મળે ?

(A) 40,000 રૂા. (B) 50,000 રૂા.

(C) 1,00,000 રૂા. (D) 2,00,000 રૂા.

(3) તહેવારો માટે પેશગી મંજૂર કરવા નીચે પૈકી કયા તહેવારને 'અગત્યના તહેવારો' તરીકે જાહેર કરેલ નથી ?

(A) રમજાન ઈદ (B) પતેતી

(C) નવરાત્રી (D) પ્રજાસત્તાક દિન

(4) સ્કૂટર પેશગીની મુદલ રકમ કેટલા હપ્તામાં વસુલ કરવાની હોય છે ?

(A) 60 (B) 80

(C) 120 (D) 180

(5) કેટલી રકમથી ઓછું નુકશાન થતું હોય અને તેમાં કોઈ વિગતવાર વિચારણા માંગી લે તેવી કોઈ બાબત ન હોય તો તે અંગેની જાણ હિસાબ તપાસણી અધિકારીને કરવાની રહેતી નથી?

(A) 100 રૂા. (B) 500 રૂા.

(C) 1,000 રૂા. (D) 2,000 રૂા.

(6) વર્ગ-4 ના કર્મચારી માટે મકાન પેશગી મંજૂર કરવાની સત્તા કોની છે ?

(A) ખાતાના વડા (B) કચેરીના વડા

(C) વહીવટી વિભાગ (D) ઉપાડ અધિકારી

(7) નિયમ-24 ના હેતુ પૂરતું જેની આકારેલી કિંમત રૂા. 10,000 કે તેથી વધુ હોય તેવાં તમામ નુકશાનને કેવા નુકશાન ગણવા?

(A) ભારે નુકશાન (B) અતિભારે નુકશાન

(C) અસામાન્ય નુકશાન (D) સામાન્ય નુકશાન

(8) અનાજ પેશગી કેટલા હપ્તામાં વસુલ કરવાની હોય છે ?

(A) પાંચ હપ્તામાં (B) દસ હપ્તામાં

(C) પંદર હપ્તામાં (D) વીસ હપ્તામાં

(9) રાજ્ય આવકમાંથી ખર્ચ કરવાનું થતું હોય એવા કરાર કરવાની જેમને સત્તા આપવામાં આવી હોય એવા તાબાના સત્તાધિકારીઓએ કેટલા સામાન્ય સિદ્ધાંતોનું પાલન કરવું પડે ?

(A) 8 (B) 17

(C) 18 (D) 19

(10) મકાન ખરીદી માટે પેશગી ફેબ્રુઆરી માસમાં મંજૂર કરવામાં આવી હોય તો કેટલા માસમાં ખરીદી પૂર્ણ કરવાની થાય ?

(A) ત્રણ માસ (B) દસ માસ

(C) પાંચ માસ (D) બાર માસ

(11) હિસાબ તપાસણી અધિકારી માંગે તેવી કઈ બાબતો તેના તાબાના સત્તાધિકારી આપવાની ના પાડી શકે નહિ ?

(A) જરૂરી માહિતી અને ચોપડા (B) જરૂરી માહિતી અને અન્ય દસ્તાવેજો

(C) ચોપડા અને અન્ય દસ્તાવેજો (D) જરૂરી માહિતી, ચોપડા અને અન્ય દસ્તાવેજો

(12) કોણે જામીનગીરી આપવાની જરૂર રહે છે ?

(A) ડ્રાઈવરે (B) લાયબ્રેરીયને

(C) કેશીયરે (D) ઉપરના તમામ

(13) ખર્ચ કરવા અંગેના નાણાંકીય ઔચિત્યની બાબત શાની સાથે સંબંધિત છે ?

(A) ખર્ચ અને નાણાંની ચુકવણી (B) નાણાંનો સ્વીકાર

(C) હિસાબ રાખવાની બાબતોમાં ફરજો (D) ખાતાકીય વિનિયમો

(14) બદલી પગાર પેશગી કેટલા હપ્તામાં વસુલ કરવાની છે ?

(A) બે (B) ત્રણ

(C) ચાર (D) પાંચ

(15) જાહેર નાણાંમાંથી ખર્ચ કરતા સમયે સામાન્ય રીતે નીચેના પૈકી કયા સિદ્ધાંત પર ભાર મૂકાતો નથી ?

(A) ખર્ચ માન્ય નીતિ કે શિરસ્તા મુજબ હોય

(B) લોકોના અમુક ભાગના લાભ માટે જાહેર નાણાંમાંથી ખર્ચ કરવું

(C) એ રકમ માટે અદાલતમાં હકદાવો માંડી શકાય એમ હોય

(D) જરૂરી હોય એ કરતાં પ્રથમ દૃષ્ટિએ વધુ હોવું જોઈએ નહિ

(16) રજા પ્રવાસ રાહત પેશગી કેટલી મળવાપાત્ર છે ?

(A) સંભવિત ખર્ચના 50 ટકા (B) સંભવિત ખર્ચના 60 ટકા

(C) સંભવિત ખર્ચના 70 ટકા (D) સંભવિત ખર્ચના 80 ટકા

(17) પૂર્વ મંજૂરી મેળવ્યા વિના કોઈપણ સત્તાધિકારી સરકારી ખાતામાંથી કોઈપણ ખર્ચ કરી શકશે નહિ - આ બાબતને ભારતીય સંવિધાનની કઈ કલમથી સમર્થન મળે છે ?

(A) કલમ - 266(3) (B) કલમ - 267 (2)

(C) કલમ - 283 (2) (D) ઉપરોક્ત તમામ

(18) સામાન્ય રીતે જામીનગીરી આપવામાંથી મુક્તિ ક્યારે આપી શકાય ?

(A) ખાતાના વડાને ખાતરી થાય કે મુક્તિ આપવામાં જોખમ નથી

(B) મિલ્કતો અન્ય રીતે રક્ષિત હોય

(C) કામગીરી ચાર માસ કરતાં ઓછા સમય માટે સોંપી હોય

(D) ઉપરોક્ત તમામ કિસ્સામાં

(19) સામાન્ય કે વિશિષ્ટ સૂચનાઓને આધીન રહીને, સંબંધિત વહીવટી વિભાગે નીચેના પૈકી કઈ બાબત સુનિશ્ચિત કરવાની રહેતી નથી ?

(A) સરકારી લેણાંની ઝડપી આકારણી થાય

(B) સરકારી લેણાંની વસૂલાત થાય

(C) સરકારી લેણાં બે જવાબદાર અધિકારીઓને સોંપાઈ જાય

(D) સરકારી લેણાં તિજોરીમાં ભરાઈ જાય

(20) વાહન પેશગી કેટલા વર્ષ સુધી બીજીવાર મળવાપાત્ર નથી ?

(A) ત્રણ વર્ષ

(B) પાંચ વર્ષ

(C) સાત વર્ષ

(D) દશ વર્ષ

(21) 'સરકારી હિસાબ' માં સરકારની નીચેના પૈકી કઈ બાબતોનો સમાવેશ થાય છે ?

(A) એકત્રિત ફંડ

(B) આકસ્મિક ફંડ

(C) જાહેર હિસાબ

(D) ઉપરોક્ત તમામ

(22) તિજોરી અધિકારી જોગવાઈઓને આધીન કયા હેતુસર નાણાં ઉપાડવાની પરવાનગી આપી શકે નહી ?

(A) કાયમી પેશગીના હેતુસર

(B) બીજા સરકારી અધિકારીની વિવિધ પ્રકારની માંગણીઓને પહોંચી વળવા

(C) સરકાર પાસેથી લેણી નીકળતી રકમ ઉપાડ અધિકારીને ચૂકવવા

(D) ખાનગી વ્યક્તિને સરકાર પાસેથી લેણી થતી રકમ બારોબાર તિજોરીમાંથી ચૂકવવા

(23) કેટલા મુખ્ય સદરોને લગતું ખર્ચ એક જ રજિસ્ટરમાં દર્શાવવું કે એક જ બિલમાં સામેલ કરવું જોઈએ નહિ.

(A) એક કે બે

(B) બે કે બેથી વધુ

(C) ત્રણ કે તેથી વધુ

(D) ચાર કે તેથી વધુ

(24) ગુ.તિ.નિ. ના નિયમ નં. ૭૬ મુજબ 'ફક્ત પગાર બિલો' આકારવાની સત્તા કયા સરકારી કર્મચારીને સુપરત કરેલ ?

(A) મદદનીશ કૃષિ-ઇજનેર

(B) હેડ માસ્તર, સરકારી અંધશાળા, ભૂજ

(C) જિલ્લા રેકાર્ડકીપર, ભાવનગર

(D) મદદનીશ સરકારી શ્રમ અધિકારી

(25) ઉચ્ચક બિલનું વિગતવાર બિલ કેટલા સમયમાં રજૂ કરવાનું હોય ?

(A) છ માસમાં

(B) એક માસમાં

(C) ત્રણ માસમાં

(D) બાર માસમાં

(26) તિજોરીમાં ચેકની વેલીડીટી કેટલા સમયની હોય છે ?

(A) 15 દિવસ
(B) 30 દિવસ (એક માસ)
(C) 60 દિવસ (બે માસ)
(D) 90 દિવસ (ત્રણ માસ)

(27) ગુ.તિ.નિ. અંતર્ગત 'તિજોરીનાં નિયતપત્રકો' કયા પ્રકરણમાં સમાવિષ્ટ છે ?

(A) પ્રકરણ-6
(B) પ્રકરણ-9
(C) પ્રકરણ-13
(D) પ્રકરણ-16

(28) પેશગીની રકમ કેટલા રૂા. થી વધુ હોય તેવા કિસ્સામાં બિન-રાજપત્રિત ફાળો ભરનાર ઇચ્છે, તો બિલ પર તેની સહી સાખ કર્યા પછી તેની તરફેણમાં બિલ પર શેરા નોંધ કરી શકાય ?

(A) 1,000 રૂા. થી વધુ
(B) 5,000 રૂા. થી વધુ
(C) 500 રૂા. થી વધુ
(D) 10,000 રૂા. થી વધુ

(29) આકસ્મિક ખર્ચનું ધોરણસરના સ્વરૂપનું રજિસ્ટર કયા નમૂના મુજબ રાખવાનું હોય છે ?

(A) ફોર્મ નં. 99
(B) ફોર્મ નં. 21
(C) ફોર્મ નં. 42
(D) ફોર્મ નં. 74

(30) ગુજરાત સરકારના પેન્શનરોને જાહેર ક્ષેત્રની બેંકો દ્વારા પેન્શનની ચુકવણીની યોજનાનો વ્યાપ નીચે પૈકીની કઈ રાજ્ય સરકારના પેન્શનરો સુધી વિસ્તારવામાં આવેલ ન હતો ?

(A) બિહાર
(B) પશ્ચિમ બંગાળ
(C) કર્ણાટક
(D) રાજસ્થાન

(31) 'ગુજરાત તિજોરી નિયમો-2000' અમલમાં આવતા કયા તિજોરી નિયમો રદ કરવામાં આવ્યા હતા ?

(A) મુંબઈ તિજોરી નિયમો, 1958
(B) મુંબઈ તિજોરી નિયમો, 1960
(C) મુંબઈ તિજોરી નિયમો, 1961
(D) મુંબઈ તિજોરી નિયમો, 1962

(32) પેન્શન 36 મહિના કરતાં વધુ સમય સુધી વણ આકારાયેલ રહ્યું હોય તો કોની મંજુરી સિવાય તેની ચૂકવણી કરી શકાય નહિ ?

(A) સંબંધિત વહીવટી વિભાગ
(B) સંબંધિત તિજોરી અધિકારી
(C) સંબંધિત કચેરીના વડા
(D) ઉપરમાંથી એક પણ નહિ

(33) મહેસૂલ પેશગી કેટલી રીતે આપી શકાય ?

(A) એક
(B) બે
(C) ત્રણ
(D) ત્રણ થી વધુ

(34) ખાતાના વડા માટે પ્રોવિડન્ટ ફંડમાંથી પેશગી કોણ મંજુર કરી શકે ?

(A) સંબંધિત વહીવટી વિભાગ
(B) નાણાં વિભાગ
(C) પગાર અને હિસાબી અધિકારી
(D) નિયામક, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ

(35) બિન-સરકારી શાળાઓના શૈક્ષણિક કર્મચારીઓની બાબતમાં પેન્શનરને ચૂકવવાપાત્ર કામચલાઉ પેન્શન ચુકવણીની રકમ કોણ નક્કી કરે ?

(A) સંચાલક મંડળ (B) આચાર્ય

(C) જિલ્લા શિક્ષણાધિકારી (D) કમિશ્નર શાળાઓની કચેરી

(36) કોઈ નિરીક્ષણ અધિકારી કચેરીના આકસ્મિક ખર્ચ પેટે નિયમ-43 મુજબ શું ન લઈ શકે ?

(A) પેશગી (B) બિલની રકમ

(C) ટેલિફોન ભાડાનું બિલ (D) ચેક

(37) જાહેર બાંધકામ ખાતા માટેના સામાન્ય નિયમો કયા વિભાગમાં સમાવિષ્ટ છે ?

(A) વિભાગ-10 (B) વિભાગ-12

(C) વિભાગ-20 (D) વિભાગ-22

(38) રાજ્ય-સેવા માટે ખરીદવાની થતી ચીજ-વસ્તુઓના પુરવઠાના નિયમોમાં છૂટછાટ / કોરે મૂકવા માટે સરકારનું સંબંધિત વહીવટી ખાતું અગત્યના કેસોમાં કયા ખાતાની સલાહ લેશે ?

(A) નાણાં ખાતું (B) ઉદ્યોગ અને સહકાર ખાતું

(C) સામાન્ય વહીવટ વિભાગ (D) કૃષિ અને લઘુ ઉદ્યોગ વિભાગ

(39) ચોથા વર્ગના સરકારી કર્મચારીઓને સુતરાઉ પોશાક દર બે વર્ષે પૂરો પાડવો તેવી જોગવાઈ કયા નિયમમાં છે ?

(A) 104(1) (B) 71(2)

(C) 107(1) (D) 106(1)

(40) મુંબઈ આકસ્મિક ખર્ચ નિયમો-1959 ના નિયમ-7 અને 8 માં જોગવાઈ કરી હોય તે સિવાય, રાજ્ય-સેવા માટે ખરીદવાની બધી ચીજો ક્યાંથી ખરીદવી જરૂરી છે ?

(A) માત્ર સંબંધિત જિલ્લામાંથી (B) માત્ર રાજ્યમાંથી

(C) ભારત દેશમાંથી (D) B અને C બંને

(41) મુંબઈ આકસ્મિક ખર્ચ નિયમો-1959 એ ભારતીય સંવિધાનની કઈ કલમથી મળેલ સત્તાની રૂએ ઘડવામાં આવેલ છે ?

(A) કલમ-165 (B) કલમ-166

(C) કલમ-175 (D) કલમ-176

(42) ખાતાના તકનીકી કામકાજને લગતા ખર્ચનો સમાવેશ નીચે પૈકી શામાં થાય છે ?

(A) આનુષંગિક આકસ્મિક ખર્ચ (B) ખાસ આકસ્મિક ખર્ચ

(C) પુરવઠો અને સેવાઓ (D) મુક્કરર દરવાળો આકસ્મિક ખર્ચ

(43) મુંબઈ આકસ્મિક ખર્ચ નિયમો-1959 માં શસ્ત્રો અને સૈનિક સામાનની ખરીદીનો ઉલ્લેખ કયા નિયમમાં થયેલ છે ?

(A) નિયમ-30 (B) નિયમ-32

(C) નિયમ-160 (D) નિયમ-166

(44) પેટા વાઉચર કેટલા વર્ષ સુધી સાચવી રાખવા જરૂરી છે ?

(A) એક વર્ષ
(B) બે વર્ષ
(C) ત્રણ વર્ષ
(D) પાંચ વર્ષ

(45) લેખન સામગ્રી ખર્ચ કયા પ્રકારનો ખર્ચ ગણાય ?

(A) આનુષંગિક આકસ્મિક ખર્ચ
(B) ખાસ આકસ્મિક ખર્ચ
(C) પુરવઠો અને સેવાઓ
(D) મુક્કરર દરવાળો આકસ્મિક ખર્ચ

(46) રાજ્ય-સેવાના વપરાશ માટેના સામાનની તમામ ખરીદી અર્થે ચુસ્ત પાલન કરવાના નિયમો કેટલા છે ?

(A) 10
(B) 15
(C) 20
(D) 25

(47) સચિવાલયમાં કામે રાખેલ ચોથા વર્ગના કર્મચારીઓ પૈકી 'લીલાં ખમીસ' આપવાની જોગવાઈ છે ?

(A) હમાલ
(B) માળી
(C) નાયક
(D) સફાઈ કામદાર

(48) તબીબી અધિકારીઓએ રાજ્યની અસ્પતાલોમાંથી લખી આપેલ દવાઓ ગોદામમાંથી પૂરી ન પડાતી હોય ત્યારે તે દવાઓને સ્થાનિક લેવલે ખરીદવાના અધિકાર કોને આપવામાં આવ્યા છે ?

(A) જિલ્લાના સિવિલ સર્જન
(B) જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી
(C) સર્જન જનરલ
(D) નિયામક, સમાજ કલ્યાણ

(49) કેટલા સમયગાળા સુધી કામ ન આપે તેવા સસ્તા અને તક્લાદી તંબુદી ખરીદી માટે ખરીદનાર અધિકારી જવાબદાર ગણાય ?

(A) આઠ વર્ષ
(B) બાર વર્ષ
(C) સોળ વર્ષ
(D) વીસ વર્ષ

(50) નીચેનામાંથી કયા ખર્ચનો સમાવેશ પુરવઠો અને સેવાઓમાં થાય છે ?

(A) વિજળી-ટેલિફોન બિલ
(B) મકાન ભાડાનું ખર્ચ
(C) કચેરીની સ્ટેશનરીની ખરીદી
(D) સિવિલ હોસ્પિટલ એક્સ-રે મશીન ખરીદી

(51) રાજ્યના આકસ્મિક ફંડનો કબજો રાજ્યપાલવતી કોણ ધરાવશે ?

(A) ગુજરાત સરકારના મુખ્ય સચિવ
(B) ગુજરાત સરકારના નાણાં વિભાગના સચિવ
(C) નિયામક, તિજોરી
(D) ગુજરાત સરકારના સામાન્ય વહીવટી વિભાગના સચિવ

(52) ખર્ચ અગ્રતા સમિતિમાં કોણો સમાવેશ થતો નથી ?

(A) મુખ્ય મંત્રી
(B) મુખ્ય સચિવ
(C) નાણાં મંત્રી
(D) નાણાં સચિવ

(53) નીચે આપવામાં આવેલ બાબતો પૈકી કઈ બાબતનો ખર્ચ કરતા પહેલાં વિધાન મંડળની પૂર્વ મંજૂરી લેવાની રહે છે ?

(A) રાજ્યપાલશ્રીનો મળતર અને ભથ્થાં

(B) વિધાનસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના પગાર અને ભથ્થાં

(C) હાઈકોર્ટના ન્યાયાધીશના પગાર અને ભથ્થાં

(D) નવો ખર્ચ (નવી વિગતો / બાબતો)

(54) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલના વિનિયોગ હિસાબો, નાણાંકીય હિસાબો અને ઓડિટ અહેવાલોને લગતાં અહેવાલો અંગે કાર્યવાહી કરવા માટે કઈ સમિતિની રચના કરવામાં આવેલ છે ?

(A) જાહેર હિસાબ સમિતિ

(B) અંદાજ સમિતિ

(C) ખર્ચ અગ્રતા સમિતિ

(D) પંચાયતી રાજ સમિતિ

(55) અંદાજપત્ર તૈયાર કરવામાં કોણે કશો સીધો ભાગ લેવાનો હોતો નથી ?

(A) નાણાં ખાતું

(B) વહીવટી વિભાગ

(C) ખાતાના વડા

(D) એકાઉન્ટન્ટ જનરલ

(56) નાણાં વિભાગ દ્વારા સરકારે મંજૂર કરેલ અંદાજો સંકલિત કરીને વિધાનસભા સમક્ષ રજૂ કરવાના પ્રકાશનોમાં કોણો સમાવેશ થતો નથી ?

(A) વાર્ષિક નાણાંકીય પત્રક અથવા ગ્રીન બુક

(B) વિકાસ વાટિકા

(C) આવકના વિગતવાર અંદાજ

(D) અંદાજ પત્રની યાદી સહિતનું ખર્ચનું વિગતવાર, વિભાગવાર અંદાજપત્ર

(57) ગ્રાન્ટ માટેની માગણીઓ પર મતદાન ને લગતી અને વિનિયોગ અધિનિયમ પસાર કરવાને લગતી સંવિધાનની કલમો 203 અને 204 માં નિયત કર્યા મુજબની વિગતવાર કાર્યવાહી પૂરી થાય ત્યાં સુધી નવા નાણાંકીય વર્ષના કોઈ ભાગ માટેના અંદાજીખર્ચની બાબતમાં સંવિધાનની કલમ 106 (1)(ક) અન્વયે આગામી નાણાંકીય વર્ષના આરંભ પહેલા વિધાનમંડળ અગાઉથી આપેલ ગ્રાન્ટ.

(A) લેખાનુદાન

(B) પૂરક વિનિયોગ

(C) પૂરક ગ્રાન્ટ

(D) પ્રતિક માંગણી

(58) બંધારણની કઈ કલમ અન્વયે વાર્ષિક નાણાંકીય પત્રક અને વર્ષની ગ્રાન્ટ માટેની માંગણીઓ વિધાનમંડળ સમક્ષ રજૂ કરવામાટે રાજ્યપાલની ભલામણથી મંજૂરી લેવામાં આવે છે ?

(A) 202

(B) 203

(C) 267

(D) 268

(59) અંદાજ પત્ર વિધાનસભામાં કોણા દ્વારા રજૂ કરવામાં આવે છે ?

(A) મુખ્યમંત્રી

(B) વિધાનસભાના અધ્યક્ષ

(C) નાણામંત્રી

(D) રાજ્યપાલ

(60) આવક અને ખર્ચના નિયંત્રણ માટે કોણ જવાબદાર છે ?

(A) નાણાં સચિવ
(B) વિભાગ (ખાતા) ના વડા
(C) નિયંત્રણ અધિકારી
(D) કચેરીના વડા (અંદાજ અધિકારી)

(61) માર્ચના હિસાબો (આખરી સહિત) ના હિસાબમેળ દર વર્ષની કઈ તારીખ પહેલાં પૂરા કરવા જોઈએ

(A) 15 મી એપ્રિલ
(B) 15 મી મે
(C) 15 મી જૂન
(D) 15 મી જુલાઈ

(62) કઈ સમિતિ દ્વારા પૂરક ગ્રાન્ટ માટેની માંગણીઓની ચકાસણી વિધાનસભા દ્વારા તેની વિચારણા કે તે પરના મતદાનને કોઈ રીતે અસર કરશે કે નહી તે મુલતવી રાખશે કે નહી તે બાબતનો અહેવાલ વિધાનમંડળ / સભા સમક્ષ રજૂ કરે છે ?

(A) જાહેર હિસાબ સમિતિ
(B) અંદાજ સમિતિ
(C) ખર્ચ અગ્રતા સમિતિ
(D) પંચાયતી રાજ સમિતિ

(63) જાહેર હિસાબ સમિતિમાં _______ કરતાં વધારે ન હોય તેટલા સભ્યોની બનેલી રહેશે

(A) પાંચ
(B) સાત
(C) નવ
(D) અગિયાર

(64) અંદાજ સમિતિની રચના કયારે કરવામાં આવે છે ?

(A) દર વર્ષે
(B) બે વર્ષે
(C) ત્રણ વર્ષે
(D) પાંચ વર્ષે

(65) શિક્ષણ-ઉપકર પરની ચોખ્ખી ઉપજની શિક્ષણ ઉપકર-ફંડમાં તબદીલી કયા માસમાં સરભર કરવાની થાય છે ?

(A) દર વર્ષે સપ્ટેમ્બર માસમાં
(B) દર વર્ષે જૂન માસમાં
(C) દર વર્ષે માર્ચ માસમાં
(D) દર વર્ષે ડિસેમ્બર માસમાં

(66) અંદાજ પત્રીય કેલેન્ડર અનુસાર નિયંત્રણ અધિકારીઓએ વહીવટી વિભાગોને બચત સુપરત કરવાની છેલ્લી તારીખ :

(A) 15 મી ફેબ્રુઆરી
(B) 15 મી માર્ચ
(C) 15 મી ઓક્ટોબર
(D) 15 મી સપ્ટેમ્બર

(67) 'તીક કાપ દરખાસ્ત' કેવી કાપ માગણી દરખાસ્ત ને કહેવામાં આવે છે ?

(A) માગણીની રકમમાં રૂા. 100 નો ઘટાડો કરવામાં આવે
(B) માગણીની રકમને રૂા.1 સુધી ઘટાડી નાખવામાં આવે
(C) માગણીની રકમમાં ચોક્કસ રકમ જેટલો ઘટાડો કરવો
(D) માગણી મુલતવી રાખવી

(68) નાણાં મંત્રીએ રજૂ કરેલા અંદાજોમાં સુધારા સહિત કે સુધારા વિના વિધાનમંડળ અંદાજપત્રને આખરી મંજૂરી આપે એ પછી વિધાનમંડળ સમક્ષ ________ રજૂ કરવામાં આવે છે.

(A) અંદાજ પત્ર
(B) વાર્ષિક નાણાંકીય પત્ર
(C) વિનિયોગ વિધેયક
(D) વિનિયોગ અધિનિયમ

(69) માર્ચ-2020 માસના પગાર ભથ્થાની જોગવાઈ કયા નાણાંકીય વર્ષના બજેટમાં કરવામાં આવે છે ?

(A) 2019-20
(B) 2020-21
(C) 2021-22
(D) 2018-19

(70) બંધારણની કઈ કલમ અન્વયે દરેક નાણાંકીય વર્ષ માટેનું અંદાજી આવક અને ખર્ચનું પત્રક રાજ્ય વિધાનમંડળના ગૃહ સમક્ષ રજુ કરાવશે ?

(A) 202
(B) 203
(C) 267
(D) 268

(71) નીચેનામાંથી કઈ બાબત જાહેર હિસાબનો ભાગ બનતી નથી ?

(A) અનામત ફંડ
(B) થાપણો અને પેશગીઓ
(C) કરવેરા
(D) પ્રોવિડન્ટ ફંડ

(72) કાપ દરખાસ્ત માટે કેટલા સમયની નોટિસ આપવી જરૂરી છે ?

(A) એક દિવસની
(B) ત્રણ દિવસની
(C) એક અઠવાડિયાની
(D) 18 દિવસની

(73) નીચેનામાંથી કઈ અંદાજપત્રીય અનિયમિતતા નથી ?

(A) સંખ્યાબંધ કેસોમાં મોટી બચત અથવા વધારાનો ખર્ચ
(B) સંખ્યાબંધ કેસોમાં વધુ પડતા અથવા અપુરતા પુનઃ વિનિયોગ
(C) અંદાજ પત્રમાં કરેલ જોગવાઈની મર્યાદામાં ખર્ચ કરવો
(D) સંખ્યાબંધ કેસોમાં તફાવતના કારણ ન આપવા

(74) ચાલુ કાયદા કે હુકમો અને નિયમોની રૂએ થતો ખર્ચ નીચેનામાંથી કોની સાથે સંબંધિત છે ?

(A) મૂડી ખર્ચ
(B) ટેક્નીકલ મંજુરીઓ
(C) સ્થાયી ખર્ચની મંજુરીઓ
(D) વહીવટી મંજુરીઓ

(75) ખર્ચ પર નિયંત્રણ રાખવા માટે દરેક નિયંત્રણ અધિકારીએ કયા ફોર્મમાં ખર્ચનું રજિસ્ટર રાખવાનું છે ?

(A) ફોર્મ નં. 7
(B) ફોર્મ નં. 10
(C) ફોર્મ નં. 11
(D) ફોર્મ નં. 12

(76) નાણાંકીય વર્ષમાં સામાન્ય ભવિષ્યનિધિમાં નક્કી કરેલ માસિક ફાળાની રકમ કર્મચારી કેટલી વખત વધારી શકે અને કેટલી વખત ઘટાડી શકે ?

(A) એક વખત વધારી શકે અને એક વખત ઘટાડી શકે
(B) એક વખત વધારી શકે અને બે વખત ઘટાડી શકે
(C) બે વખત વધારી શકે અને એક વખત ઘટાડી શકે
(D) બે વખત વધારી શકે અને બે વખત ઘટાડી શકે

(77) સામાન્ય ભવિષ્યનિધિમાં જમા કરવાના ફાળાની લઘુત્તમ રકમ તા. 1લી એપ્રિલ, 1993 થી તેમના મૂળ પગારના _______ ટકા જેટલી કરવામાં આવી છે.

(A) મૂળ પગારના 8 ટકા
(B) મૂળ પગારના 10 ટકા
(C) મૂળ પગારના 12 ટકા
(D) મૂળ પગારના 50 ટકા

(78) સરકારી કચેરીના બિન રાજ્યપત્રિત કર્મચારીઓ / રાજ્યપત્રિત અધિકારીઓની ખાસ કારણોસર જનરલ પ્રોવિડન્ટ ફંડમાંથી પેશગી કોણ મંજૂર કરી શકે ?

(A) ખાતાના વડાઓ
(B) જે તે ખાતાનો વહીવટી વિભાગ
(C) કચેરીના વડાઓ
(D) ઉપરોક્ત એકેય નહી

(79) સરકારી કર્મચારીના કુટુંબના સભ્યો કે જેનો સમાવેશ જૂથ-૧ માં થતો નથી તેવા સભ્ય કોણ છે ?

(A) પત્ની
(B) અપરણિત પુત્રી
(C) અગાઉ અવસાન પામેલ પુત્રના બાળકો
(D) 18 વર્ષથી નીચેના ભાઈ

(80) સામાન્ય ભવિષ્યનિધિમાં જોડાવેલ બચતદારના મૃત્યુ સમયે કેટલા વર્ષની નોકરી હોય તો અનામત સહ વીમા યોજનાનો લાભ આપી શકાય ?

(A) ત્રણ વર્ષ
(B) પાંચ વર્ષ
(C) દસ વર્ષ
(D) પંદર વર્ષ

(81) કર્મચારીના અવસાન પહેલાના 36 માસની થાપણની સરેરાશ રૂા. 60,000/- કરતાં વધુ હોય તો કર્મચારીને વધુમાં વધુ વીમાની રકમ કેટલી ચૂકવી શકાય ?

(A) રૂા. 60,000/-
(B) રૂા. 25,000/-
(C) રૂા. 15,000/-
(D) રૂા. 10,000/-

(82) સરકારી કર્મચારીએ અંશતઃ આખરી ઉપાડ મકાન બાંધકામ માટેના હેતુસર જોઈએ તો તેમની કેટલા વર્ષની ઓછામાં ઓછી સેવા પૂર્ણ કરેલ હોય તો મંજુર કરી શકાય ?

(A) 5 (પાંચ) વર્ષ
(B) 10 (દસ) વર્ષ
(C) 15 (પંદર) વર્ષ
(D) 20 (વીસ) વર્ષ

(83) સામાન્ય ભવિષ્યનિધિમાંથી ઉપાડ માટે આપેલ મંજૂરી કેટલા સમય પછી રદ થશે ?

(A) અઢાર માસ
(B) બાર માસ
(C) છ માસ
(D) ત્રણ માસ

(84) સરકારી કર્મચારી તેના બાળકોને તબીબી / ઇજનેરી વિદ્યાશાખાનો અભ્યાસ કરવા માટે સામાન્ય ભવિષ્યનિધિમાં જમા રકમના વધુમાં વધુ કેટલી રકમ મળવાપાત્ર થાય ?

(A) જમા રકમના 1/2 જેટલી
(B) કર્મચારીના છ માસના પગાર જેટલી
(C) જમા રકમના 75% જેટલી
(D) જમા રકમના 90% જેટલી

(85) જી.પી.એફ.ના હેતુ માટે વર્ગ-1 ના કચેરીના વડાના કિસ્સામાં હિસાબી અધિકારી કોણ ગણાશે ?

(A) પગાર અને હિસાબી અધિકારી
(B) નિયામક પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ
(C) એકાઉન્ટન્ટ જનરલ
(D) નાણાં વિભાગ

(86) નીચેનામાંથી કયા સંજોગોમાં કર્મચારીના પ્રોવિડન્ટ ફંડની કપાત ન કરી શકાય ?

(A) પ્રાપ્ત રજા દરમિયાન
(B) અર્ધપગારી રજા દરમિયાન
(C) ફરજ મોકૂફી દરમિયાન
(D) પ્રતિનિયુક્તિ ઉપર હોય તે દરમિયાન

(87) સામાન્ય ભવિષ્યનિધિમાંથી કોઈ પણ કારણ આપ્યાવિના નિવૃત્તિના કેટલા માસ બાકી હોય ત્યારે અંશતઃ આખરી ઉપાડ કરી શકાય ?

(A) ત્રણ (3) માસ
(B) છ (6) માસ
(C) બાર (12) માસ
(D) ચોવિસ (24) માસ

(88) કર્મચારીએ કયારે સામાન્ય ભવિષ્યનિધિમાં ફાળો ભરવાનો હોતો નથી ?

(A) એક માસથી વધારે પ્રાપ્ત રજા દરમિયાન
(B) એક માસથી વધારે રૂપાંતરિત રજા દરમિયાન
(C) એક માસથી વધારે અસાધારણ રજા દરમિયાન
(D) એક માસથી વધારે પગારી ખર્ચ રજા દરમિયાન

(89) પ્રોવિડન્ટ ફંડની રકમ કયા ફંડ ખાતે નોંધવામાં આવે છે ?

(A) એકત્રિત ફંડ
(B) આકસ્મિક ફંડ
(C) જાહેર હિસાબ
(D) અનામત ફંડ

(90) નીચેનામાંથી કયા હેતુ માટે પ્રોવિડન્ટ ફંડમાંથી પેશગી મળવાપાત્ર નથી ?

(A) માંદગી
(B) બાળકોનું શિક્ષણ
(C) મકાન ખરીદી
(D) લગ્ન ઉત્તરક્રિયા બીજી વિધિઓ

(91) ખાસ કારણો સિવાય પ્રોવિડન્ટ ફંડમાંથી કેટલી પેશગી મંજૂર કરી શકાય ?

(A) ત્રણ માસનો પગાર અને જમા રકમના 50% માંથી જે ઓછુ હોય તે
(B) છ માસનો પગાર અને જમા રકમના 50% માંથી જે ઓછુ હોય તે
(C) જમા રકમના 75%
(D) જમા રકમના 90%

(92) વર્ગ-4 ના કર્મચારીઓના સામાન્ય ભવિષ્યનિધિના હિસાબો કોણ નિભાવે છે ?

(A) ઉપાડ અધિકારી
(B) એકાઉન્ટન્ટ જનરલ
(C) નિયામક, હિસાબ અને તિજોરી
(D) નિયામક પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ

(93) વર્ગ-3 ના કર્મચારીઓના સામાન્ય ભવિષ્યનિધિના હિસાબો કોણ નિભાવે છે ?

(A) તિજોરી અધિકારી
(B) એકાઉન્ટન્ટ જનરલ
(C) નિયામક, હિસાબ અને તિજોરી
(D) નિયામક પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ

(94) એક કચેરીમાં વર્ગ-1 ના અધિકારી કચેરીના વડા છે અને તે અધિકારી સામાન્ય ભવિષ્યનિધિમાંથી પેશગી માગે છે તો આ પેશગી કોણ મંજૂર કરી શકે ?

(A) કચેરીના વડા
(B) ખાતાના વડા
(C) વિભાગના વડા
(D) વહીવટી વડા

(95) મુંબઈ સામાન્ય ભવિષ્યનિધિ નિયમો ક્યારથી અમલમાં આવ્યા છે ?

(A) તા. 1/10/1936
(B) તા. 15/6/1963
(C) તા. 1/5/1960
(D) તા. 1/11/1956

(96) જી.પી.એફ.ની વિલંબિત ચુકવણી પર કેટલુ વ્યાજ ચુકવવાનું થાય ?

(A) જમા રકમના 12 ટકા લેખે
(B) હિસાબી અધિકારી નક્કી કરે તે દરે પરંતુ 12% થી વધુ નહીં
(C) જી.પી.એફ.નો જે વ્યાજદર અમલમાં હોય તે દર
(D) વ્યાજ ચુકવવાનું નથી

(97) ભારતમાં હાઈસ્કૂલ પછીના કોલેજનો અભ્યાસક્રમ કેટલા વર્ષથી ઓછી મુદતનો ન હોય તો સામાન્ય ભવિષ્યનિધિમાંથી ફંડ મંજૂર કરી શકાય ?

(A) એક વર્ષથી
(B) બે વર્ષથી
(C) ત્રણ વર્ષથી
(D) ચાર વર્ષથી

(98) સામાન્ય ભવિષ્યનિધિના ફંડમાંથી લેવામાં આવેલ પેશગીની વસુલાતના હપ્તાની સંખ્યા ____ ઓછી ન હોવી જોઈએ.

(A) બાર
(B) ચોવીસ
(C) છવ્વીસ
(D) અડતાલીસ

(99) તા. 1/4/2005 પછી નિમાયેલા કર્મચારીને કયા પ્રકારની યોજના લાગુ પડશે ?

(A) વર્ધિત પ્રોવિડન્ટ ફન્ડ
(B) નવી વર્ધિત પેન્શન યોજના
(C) સામાન્ય ભવિષ્યનિધિ યોજના
(D) ઉપરોક્ત એકેય નહીં

(100) કોઈ કર્મચારી ખેતર માટે જમીન (farm land) ખરીદવા માટે અંશતઃ આખરી ઉપાડમાંથી જોગવાઈ શું છે ?

(A) પંદર વર્ષની પુરી નોકરી
(B) દસ વર્ષની પુરી નોકરી
(C) નિવૃત્તિની તારીખ અગાઉના પાંચ વર્ષની અંદર
(D) નિવૃત્તિની તારીખ અગાઉના છ મહિનાની અંદર

## SPACE FOR ROUGH WORK

**SPACE FOR ROUGH WORK**

**પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર (OMR SHEET) ખંડ નિરીક્ષકને પરત કર્યા બાદ જ પરિક્ષાખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગના પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.**